જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત
સ્વપ્નસૃષ્ટિ એપાર્ટમેન્ટ નજીક, જીઆવ બુડિયા રોડ, ભેસ્તાન, સુરત
Phone:: (0261) 2916003,2916040
E-mail: dietsurat@gmail.com Website: www.dietsurat.org

;લ

જા.નં : ડાયેટ/IFIC/ RP TRAINING / 2025-26 26441-444 તા. 10/12/2025.

પ્રતિ,

- પ્રતાપસિંહ કે. બારસડીયા, કે.એમ.પી. પટેલ સાર્વ. વિદ્યાલય, અમરોલી.
- રસિકભાઈ ડી. ઝાંઝમેરા, પી.એમ.ભગત માધ્યમિક શાળા, કતારગામ.
- ગીરીશભાઈ બી. પટેલ, નવસર્જન વિદ્યાલય, પાંડેશરા.

જિલ્લો - સુરત

**વિષય :** માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓની આર.પી.તાલીમ બાબત

**સંદર્ભ :** જીસીઈઆરટી/એસ.ટી.ટી.આઇ./એસ.એલ.એ./એચ.ટી./2025-26/1417-1450/ તા 8 DEC 2025

ઉપરોક્ત વિષય સંદર્ભ અન્વયે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (NCF-SE 2023)ના માર્ગદર્શક સિધ્ધાંતોને અનુસરતા શાળાઓમાં ગુણવત્તાસભર, સમાવેશી અને બાળકેન્દ્રી શિક્ષણ પ્રદાન કરવાનો મુખ્ય ધ્યેય રહેલો છે. આ પરિપ્રેક્ષ્યમાં શાળા નેતૃત્વ (school leadership)ની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની છે. શાળાનું સુદ્રઢ આયોજન, અસરકારક વ્યવસ્થાપન, પ્રેરણાદાયક શૈક્ષણિક વાતાવરણ અને વિદ્યાર્થીકેન્દ્રિત અભ્યાસક્રમ અમલમાં મૂકવા માટે આચાર્યોની વ્યવસાયિક સજ્જતા અનિવાર્ય છે.

આચાર્યોની વ્યવસાયિક સજ્જતામાં અભિવૃદ્ધિ થાય તે હેતુસર રાજ્યની માધ્યમિક શાળાઓમાં કાર્યરત તમામ આચાર્યોની તાલીમના અનુસંધાનમાં આર.પી.તાલીમનું નીચે મુજબની વિગતે આયોજન કરવામાં આવેલ છે.

| તાલીમની વિગત | તારીખ | કાર્યશાળાનું સ્થળ |
|---|---|---|
| આર.પી.તાલીમ (માધ્યમિક) | ૧૫/૧૨/૨૦૨૫ થી ૧૭/૧૨/૨૦૨૫, 3 દિવસ | એસ.ટી.ટી.આઇ.GCERT કેમ્પસ, ગાંધીનગર |

**રજીસ્ટ્રેશન સમય તાલીમના પ્રથમ દિવસે સવારે 9-00 થી 10-00 કલાક દરમિયાન**

સદર આર.પી.તાલીમમાં આપશ્રીએ બીનાચૂક ઉપસ્થિત રહી તાલીમ લેવાની રહેશે તેમજ જિલ્લા કક્ષાની તાલીમમાં તજજ્ઞ તરીકે કામગીરી કરવાની રહેશે.

**જિલ્લા શિક્ષણાધિકારી**
**સુરત**

**પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત**

નકલ સવિનય રવાના જાણ સારું :
- રીડરશ્રી, તાલીમ શાખા, જી.સી.ઈ.આર.ટી.- ગાંધીનગર.

Scanned with OKEN Scanner